Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદ વૈદશાલા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ www.niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદ
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ તેરસ બુધવાર ૨૬ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૯

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકામાં બે લાખ લોકોના વિઝા રદ કરવાની તૈયારી

**બિઝનેસ** અથવા ટુરિસ્ટ વિઝા પર અમેરિકા આવીને બાદમાં અમેરિકામાં રાજ્યાશ્રય માટે અરજી કરનારાઓના વિઝા રદ કરવાનો નિર્ણય

**જો** આ નિર્ણયનો અમલ કરાશે તો અમેરિકાના ઇતિહાસમાં એકસાથે વિઝા રદ થવાનો સૌથી મોટો કિસ્સો બનશે

વૉશિંગ્ટન, તા. ૨૫ઃ એક વૈશ્વિક સમાચાર સંસ્થા દ્વારા પ્રાપ્ત કરાયેલા સ્ટેટ ડિપાર્ટમેન્ટના દસ્તાવેજો અને બે અનામી અમેરિકી અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં આશ્રય માટે અરજી કરી ચૂકેલા અથવા હાલમાં આશ્રય મેળવવા માગતા ૨,૦૦૦,૦૦ સુધીના વિદેશીઓના બિઝનેસ અને ટૂરિઝમ વિઝા રદ કરવાની તૈયારી કરી રહ્યું છે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે, તો તે અમેરિકાના ઈતિહાસમાં એક સાથે વિઝા રદ કરવાનો સૌથી મોટો કિસ્સો બનશે અને તેને કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે.

જો આ યોજનાને કોઈ પડકાર આપવામાં ન આવે અથવા તેમાં સુધારો કરવામાં ન આવે, તો સ્ટેટ ડિપાર્ટમેન્ટ આગામી અઠવાડિયામાં ૨૦૧૬ થી ૨૦૨૬ વચ્ચે આશ્રય માગનારા અથવા હાલમાં આશ્રય મેળવી રહેલા લોકોને જારી કરાયેલા B1 અને B2 વિઝા રદ કરવાની જાહેરાત કરે તેવી શક્યતા છે. આ પગલું ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS)ના સમન્વયથી લેવામાં આવી રહ્યું છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, “અમે એવા વિદેશીઓના નોન-ઈમિગ્રન્ટ વિઝા ઓળખીને રદ કરવા માટે DHS સાથે સંકલન કરી રહ્યા છીએ, જેઓ ટૂંકા ગાળાના મુલાકાતી તરીકે અમેરિકા આવ્યા હતા પરંતુ અહીં કાયમી ધોરણે રહેવા માટે આશ્રયની અરજી કરે છે. તેમણે કેટલા વિઝા રદ થઈ શકે છે તે અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કરતા કહ્યું હતું કે, આ પ્રક્રિયા સતત ચાલનારી હોવાથી, રદ થનારા વિઝાની સંખ્યા પરિવર્તનશીલ રહેશે અને તબક્કાવાર રીતે કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિઝા રદ થવાનો અર્થ એ નથી કે તેઓને તરત જ દેશનિકાલ કરવામાં આવશે. બાકી રહેલા આશ્રયના કેસ ધરાવતા મોટાભાગના લોકોને ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે, પરંતુ તેઓ બિઝનેસ અથવા ટૂરિઝમ પ્રવાસી તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવશે. વિઝા રદ કરવાની પ્રક્રિયા હજુ આખરી ન હોવાથી અધિકારીઓએ નામ ન આપવાની શરતે આ માહિતી આપી હતી.



## બીજિંગમાં સરહદ અંગે ભારત-ચીન વચ્ચે 25મા રાઉન્ડની વાટાઘાટો

**LAC** પર શાંતિ જાળવવા અને સીમા સીમાંકન પર અજિત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વચ્ચે ચર્ચા

**શી** જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલાં આ બેઠક મહત્વની માનવમાં આવી રહી છે ચીને કહ્યું- ‘ભૂતકાળમાંથી પાઠ શીખી સીમા વિવાદ ઉકેલીએ’

બીજિંગ, તા. 25 (પીટીઆઈ): ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે બીજિંગમાં ‘સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ્સ’ (SR) માળખા હેઠળ 25મા રાઉન્ડની સરહદ વાર્તાલાપ યોજાઈ હતી.

ચીન પ્રમુખ શી જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલાં યોજાયેલી આ બેઠકમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર શાંતિ જાળવવા, સીમા સીમાંકન પર પ્રગતિ કરવા અને સરહદ પારના સહયોગને વેગ આપવા અંગે ગહન ચર્ચા થઈ હતી.

અજિત ડોભાલે જણાવ્યું હતું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવાના પરિણામે જ બંને દેશો વચ્ચેના સંબંધો પુનઃ સામાન્ય થઈ રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રમુખ જિનપિંગના માર્ગદર્શન મુજબ બંને દેશો દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો કરવા આગળ વધી રહ્યા છે. તેમણે નાથુ લા મારફતે કૈલાશ માનસરોવર યાત્રા અને સરહદી વેપાર પુનઃ શરૂ થવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

બીજી તરફ, ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે ભારત-ચીન સંબંધો વૈશ્વિક અને વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. બંને દેશોએ ભૂતકાળમાંથી પાઠ શીખીને સરહદ વિવાદને યોગ્ય સ્થાને રાખી પરસ્પર વિશ્વાસ વધારવો જોઈએ. તેમણે સંવાદ, શાંતિ અને સહયોગને મુખ્યપ્રવાહ બનાવવાની હિમાયત કરી હતી. ઉલ્લેખનીય છે કે, 2020ની ગલવાન ખીણની હિંસક અથડામણ બાદ સંબંધોમાં આવેલા તણાવ દૂર કરવાના પ્રયાસ રૂપે ડોભાલે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝાંગ સાથે પણ મુલાકાત કરી હતી. 3,488 કિમી લાંબી સરહદના વિવાદો ઉકેલવા માટે 2003થી આ ‘SR સંવાદ’ માળખું કાર્યરત છે.

## બિહારમાં મુખ્યમંત્રી આવાસ તરફ કૂચ કરતા વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

**BPSCની** પરીક્ષા અંગે રજૂઆત કરવા જતાં વિદ્યાર્થીઓ સાથે પોલીસનો સંઘર્ષ સર્જાયો

**રોકવામાં** આવતા વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો, પોલીસે વૉટર કેનન અને લાઠીચાર્જનો આશરો લીધો

**પથ્થરમારામાં** ડીસીપી સહિત કેટલાક પોલીસ કર્મચારીઓને ઇજા

પટના, તા. 25: મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને પોતાની ફરિયાદો રજૂ કરતા રોકવામાં આવતા મંગળવારે અહીં હજારો વિદ્યાર્થીઓ અને બિહાર પોલીસ વચ્ચે ઉગ્ર ઝડપ થઈ હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો, જ્યારે પોલીસે વૉટર કેનનનો ઉપયોગ અને લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

વિરોધ કરી રહેલા મોટાભાગના દેખાવકારો આવતા મહિને બિહાર પબ્લિક સર્વિસ કમિશન(BPSC) દ્વારા આયોજિત થનારી શિક્ષક ભરતી પરીક્ષાના ઉમેદવારો

...અનુસંધાન પાના 11 પર

### દિલ્હી ડાયરી

#### દિલ્હી પોલીસની સુરક્ષા રણનીતિમાં ફેરબદલ

દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા જેન ઝી વિરોધ પ્રદર્શને આંતરિક સુરક્ષા વ્યવસ્થા, ખાસ કરીને દિલ્હી પોલીસને ચોંકાવી દીધી છે. આ ઘટના બાદ ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે પોલીસે વિચારણા શરૂ કરી છે. પ્રદર્શનકારીઓની આ નવી પેઢીના અનુભવને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સુરક્ષા રોડમેપ ફરીથી તૈયાર કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શનોની વચ્ચે જ દિલ્હી પોલીસ કમિશનર તરીકે અચાનક પદ સંભાળનાર અનુરાગ કુમારે દળની ઇન્ટેલિજન્સ પાંખને તેમની માહિતી એકત્ર કરવાની ક્ષમતા વધારવા અને દરેક પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન પહેલાં ઓછામાં ઓછી 10 ચોક્કસ માહિતી એકત્રિત કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે આ આદેશ થોડા દિવસો પહેલા જ આપ્યો હતો. જંતર-મંતર અને કનોટ પ્લેસ પર અપેક્ષા કરતાં ઘણું વધારે ટોળું એકઠું થયું હતું, જેના કારણે ઇન્ટેલિજન્સ એકત્ર કરવામાં ખામીઓ છતી થઈ હતી. 20 જુલાઈના રોજ પોલીસે અચાનક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો જ્યારે ઓછામાં

...અનુસંધાન પાના 11 પર

## મોસ્કોમાં અમેરિકાનું ટ્રાન્સપોર્ટ વિમાન ઉતરતા અટકળોનું બજાર ગરમ

**બંને** દેશો વચ્ચે તનાવના માહોલમાં બોઈંગ ગ્લોબમાસ્ટર વિમાન લાતવિયા થઇને રશિયા પહોંચ્યું

**અમેરિકા,** રશિયા તરફથી કોઇ વિગતો નહીં અપાતા રહસ્ય ઘેરું બન્યું




લંડન, તા. ૨૫ઃ યુક્રેન સંઘર્ષને લઈને અમેરિકા અને રશિયા વચ્ચે ભારે તણાવની સ્થિતિ છે, તેવા સમયે જ અમેરિકી મિલિટરીનું એક વિમાન મંગળવારે મોસ્કોના ‘નુકોવો’ એરપોર્ટ પર લેન્ડ થતાં આ રહસ્યમય લેન્ડિંગ પાછળ અનેક અટકળો વહેતી થઈ છે. અહેવાલો અને ‘ફ્લાઈટરાડાર’ વેબસાઈટના જણાવ્યા અનુસાર, આ જે વિમાન બોઈંગ સી-17 ગ્લોબમાસ્ટર III હોવાની શક્યતા છે - જે મુખ્યત્વે અમેરિકી હવાઈ દળ દ્વારા કર્મચારીઓ, લશ્કરી સરંજામ અને વિવિધ સામાનના લાંબા અંતરના પરિવહન માટે વાપરવામાં આવતું ટ્રાન્સપોર્ટ વિમાન છે.

ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે કૉલસાઈન RCH4555 અને રજિસ્ટ્રેશન નંબર 07-7181 ધરાવતા આ અમેરિકી વિમાને લાતવિયાની રાજધાની રીગાથી સવારે લગભગ 8.50 વાગ્યે ટેક ઓફ કર્યું હતું અને 10 વાગ્યા પછી તરત જ મોસ્કોમાં લેન્ડ થયું હતું. મોસ્કો માટે વિમાનની

...અનુસંધાન પાના 11 પર

**વરિષ્ઠ અમેરિકી મંત્રણાકારોના આગમનની તૈયારી હોઇ શકે**


આવા વિમાનોનો ઉપયોગ ભૂતકાળમાં વરિષ્ઠ અધિકારીઓની સત્તાવાર મુલાકાતો પહેલાં કર્મચારીઓ, વાહનો, સંચાર સાધનો અને અન્ય લોજિસ્ટિક સહાય મોકલવા માટે કરવામાં આવતો રહ્યો છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી, યુક્રેન સંઘર્ષ પર અટકેલી રાજદ્વારી વાટાઘાટોને વેગ આપવા માટે અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ મોસ્કોની મુસાફરી કરશે તેવી અટકળો તેજ બની હતી. અન્ય એક સાઈટ ‘વોર એન્ડ

...અનુસંધાન પાના 11 પર

## ખાંડની મીઠાશમાં મોંઘવારીની કડવાશ, ભાવ રૂ. 64ની નજીક

**એક** મહિનામાં રૂ. 15નો વધારો; સરકારના પગલાં છતાં છૂટક બજારમાં ભાવ પર અસર હજુ દેખાઈ નથી

**સરકાર** ભાવ કાબૂમાં લેવા આયાત વધારશે



નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ): છૂટક બજારમાં ખાંડના ભાવમાં મંગળવારે ફરી વધારો થયો હતો. ખાંડનો સરેરાશ ભાવ આશરે રૂ. 1 વધીને રૂ. 63.97 પ્રતિ કિલો થયો છે. એક દિવસ પહેલાં ભાવ રૂ. 63.05 હતો.

ઉપભોક્તા બાબતોના વિભાગના આંકડા મુજબ છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં 31 ટકાનો વધારો થયો છે. 25 જુલાઈએ ભાવ રૂ. 48.81 પ્રતિ કિલો હતો. એક વર્ષ પહેલાં ખાંડ રૂ. 46.31 પ્રતિ કિલોના ભાવે મળતી હતી, એટલે કે વાર્ષિક ધોરણે 38 ટકાનો વધારો થયો છે.

સરકાર અને ખાંડ ઉદ્યોગના સંગઠનોનું કહેવું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં મિલમાંથી નીકળતી ખાંડના ભાવમાં ઘટાડો થયો છે, પરંતુ તેની અસર છૂટક બજારમાં હજુ જોવા મળી નથી. સોમવારે ખાંડનો જથ્થાબંધ ભાવ રૂ. 59.23 પ્રતિ કિલો હતો, જે એક મહિના પહેલાં રૂ. 45.35 હતો જ્યારે એક વર્ષ પહેલાં ભાવ રૂ. 43.01 હતો.

ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા આયાત મંજૂર કરવા અને સંગ્રહખોરી તથા સટ્ટાખોરી સામે કાર્યવાહી બાદ મિલ-ગેટ ભાવ 18 ટકા ઘટીને રૂ. 55 પ્રતિ કિલો થયો છે. સરકારે 31 ઓક્ટોબર સુધી 10 લાખ ટન કાચી ખાંડની આયાતને મંજૂરી આપી છે અને ડીલર્સ તથા મોટા ગ્રાહકો માટે સ્ટોક મર્યાદા લાદી છે. ખાંડની નિકાસ પર અગાઉથી પ્રતિબંધ છે.

ISMA મુજબ 2025-26માં દેશમાં ખાંડનું નેટ ઉત્પાદન આશરે 279 લાખ ટન રહેવાનો અંદાજ છે, જ્યારે સ્થાનિક વાર્ષિક માગ 280-285 લાખ ટન છે.

## અમેરિકામાં અભ્યાસ કરવા જતાં ભારતીય વિદ્યાર્થીઓમાં 15%નો ઘટાડો

**રોકાણની** મર્યાદા 4 વર્ષ કરવા અને OPT માટે મોટી ફી લાદવાની વિચારણાથી સંખ્યા ઘટી

**કડક** વીઝા નિયમો અને મોંઘા અભ્યાસની અસર, અમેરિકી અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન શક્ય

વોશિંગ્ટન, તા. 25 (પીટીઆઈ): અમેરિકામાં ઈમિગ્રેશન નીતિઓ કડક થવાને કારણે વર્ષ 2025-26માં અગાઉના વર્ષની સરખામણીએ સ્નાતક (અંડરગ્રેજ્યુએટ) કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 15 ટકાનો ઘટાડો નોંધાયો છે. 1100થી વધુ શૈક્ષણિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ‘કોમન એપ’ના અહેવાલ મુજબ, આગામી 2026-27 શૈક્ષણિક વર્ષ માટે આંતરરાષ્ટ્રીય અરજદારોની સંખ્યામાં 10 ટકાનો મોટો ઘટાડો થયો છે. અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ સંખ્યામાં અભ્યાસ માટે જાય છે, જ્યાં વર્ષ 2024-25માં 3.63 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓએ વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો.

અહેવાલ અનુસાર, વર્ષ 20225-26માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અમેરિકી અર્થતંત્રમાં 41.77 બિલિયન ડોલરનું યોગદાન આપ્યું હતું, જે વર્ષ 2026-27માં ઘટીને 38.37 બિલિયન ડોલર થવાનો અંદાજ છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને સંશોધન ફર્મ ‘નાફસા’ (NAFSA)ના રિપોર્ટ પ્રમાણે કડક વીઝા નિયમો અને અનિશ્ચિત નીતિઓને લીધે 2026માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનમાં 1.1 લાખ સુધીનો ઘટાડો થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, જુલાઈ મહિનામાં અમેરિકા સરકારે સ્ટુડન્ટ અને વિઝિટર વીઝા માટેનો સ્ટે સમયગાળો મહત્તમ 4 વર્ષ સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ હેઠળ કામ કરવા ઈચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ પર 1 લાખ ડોલરની ફી લાદવાની પણ વિચારણા ચાલી રહી છે. OPT દ્વારા

...અનુસંધાન પાના 11 પર

## ટ્રેડ વોર વકરે છે: કેનેડાએ પણ અમેરિકા પર ટેરિફ ઝીંક્યા

**20** અબજ યુએસ ડોલર મૂલ્યના અમેરિકન સામાન પર વળતા ટેરિફ

**અમેરિકાથી** આવતા સ્ટીલ, ડેરી પ્રોડક્ટ્સ, ઘરગથ્થુ ઉપકરણો અને ખેતીના સાધનો વગેરે વસ્તુઓ પર નવા ટેરિફ

**નવા** ટેરિફ 8 સપ્ટેમ્બરથી 15 ટકા, 25 ટકા અને 50 ટકાના દરે અમલમાં આવશે, કેટલીક વસ્તુઓ પરના ટેરિફ બમણા થઇ જશે

ટોરોન્ટો, ઓગસ્ટ 25 (AP): બે પહેલાંના મિત્ર દેશો વચ્ચેના વેપાર યુદ્ધે ઉગ્ર રૂપ ધારણ કરતાં કેનેડાએ મંગળવારે અમેરિકા સામે જવાબી કાર્યવાહી કરતા આશરે 20 અબજ યુએસ ડોલર મૂલ્યના અમેરિકન સામાન પર વળતા ટેરિફ ઝીંકી દીધા છે, જેમાં સ્ટીલ, ડેરી પ્રોડક્ટ્સ, ઘરગથ્થુ ઉપકરણો અને ખેતીના સાધનોનો સમાવેશ થાય છે.

આ તણાવને કારણે વિશ્વના સૌથી મોટા વેપારી સંબંધોમાંથી એક પર સંકટ ઘેરાયું છે. આ નવા ટેરિફ ફક્ત ઔદ્યોગિક સામાન સુધી મર્યાદિત નથી રહ્યા, પરંતુ દરરોજ ખરીદાતી વસ્તુઓ જેવી કે સી-ફૂડ , ચીઝ, કપડાં, કોસ્મેટિક્સ અને ટોઇલેટ પેપર પર પણ લાગુ કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલીક વસ્તુઓ પર ટેરિફનો દર 50 ટકા જેટલો ઊંચો છે. કેનેડાની આ વળતી કાર્યવાહી ત્યારે આવી છે જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે વેપાર વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ વીકએન્ડ દરમિયાન કેનેડિયન સામાન પર 50 ટકા ટેરિફ લાદી દીધો હતો.

કેનેડાના ટેરિફ 8 સપ્ટેમ્બરથી 15 ટકા, 25 ટકા અને 50 ટકાના દરે અમલમાં આવશે, જેમાં કેનેડા પલ્પ, પેપર અને ઇલેક્ટ્રોનિક્સ જેવી 700 થી વધુ પ્રોડક્ટ્સ પર અમેરિકાના તે જ સમાન ટેરિફ દર સામે મેચ કરી રહ્યું છે. ઘણી અમેરિકન પ્રોડક્ટ્સ પરના ટેરિફ 25 ટકાથી બમણા થઈને 50 ટકા થઈ જશે, જેમાં નવા પગલાંનો મોટો હિસ્સો સ્ટીલ અને એલ્યુમિનિયમને અસર કરશે. 50 ટકા ટેરિફનો સામનો કરી રહેલી વસ્તુઓમાં સ્ટીલ અને એલ્યુમિનિયમની કેટલીક પ્રોડક્ટ્સ, ફર્નિચર અને કપડાંનો સમાવેશ થાય છે. ઉપકરણો, ચીઝ સહિતની ડેરી પ્રોડક્ટ્સ, માછલી અને સી-ફૂડ તથા સ્ટીલ અને એલ્યુમિનિયમમાંથી બનતી કેટલીક વ્યાવસાયિક વસ્તુઓ પર 25 ટકા ટેરિફ લાગશે. યુએસ ઓટોમોબાઇલ્સ પર કેનેડાના

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૫-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 00.00 મીમી | 00.00 મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૦ સે. | ૨૭.૪ સે. | ૭૧% |